# મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય સંકુલ
# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

## માસ્ટર ઓફ યૌગિક આર્ટસ એન્ડ સાયન્સ
## (યૌગિક કલા અને વિજ્ઞાન પારંગત)
## (Master of Yogic Art & Science)અભ્યાસક્રમ
## પ્રવેશ અંગેની માહિતી

(૧) યોગવિદ્યા પારંગત(**Master of Yogic Art & Science**) અભ્યાસક્રમનો સમયગાળો જૂન–૨૦૧૭ થી એપ્રિલ–૨૦૧૯ સુધી બે વર્ષનો રહેશે.

(૨) આ અભ્યાસક્રમના નિયમિત વર્ગો સોમ થી શનિ દરરોજ સવારે ૬–૩૦ થી ૧૦–૩૦ વાગ્યાના રહેશે. તદુપરાંત યુ.જી.સી.ના નિયમોનુસાર અભ્યાસક્રમમાં જરૂરી જણાય તો વર્ગો, તાલીમ, વિસ્તરણકાર્ય વગેરે કામ કરવાના રહેશે.

(૩) આ અભ્યાસક્રમમાં જોડાવા માટે શારીરિક યોગ્યતાનું દાકતરી પ્રમાણપત્ર આપવું ફરજિયાત છે.

(૪) યૌગિક કલા અને વિજ્ઞાન પારંગત(**Master of Yogic Art & Science**)ની વાર્ષિક ફી વર્ષ:૨૦૧૭–૧૮ માટે રૂ. ૧૩,૦૦૦/–(તેર હજાર) રાખવામાં આવેલ છે. છાત્રાલયની ફી અલગથી ભરવાની રહેશે.(સંપર્કઃ ગૃહપતિ). ત્રીસ વર્ષથી નીચેના હોય તેવા વિદ્યાર્થીઓ માટે છાત્રાલય નિવાસ ફરજિયાત છે.

(૫) પ્રાર્થના, કાંતણ, ઉદ્યોગ અને ખાદીનો ગણવેશ ફરજિયાત રહેશે.

(૬) યૌગિક કલા અને વિજ્ઞાન પારંગત(**Master of Yogic Art & Science**) અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે કોઈ પણ શાખામાં સ્નાતક કક્ષાએ ૪૦% અને અથવા યોગવિદ્યા અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમમાં ૫૦% મેળવેલ ઉમેદવાર પ્રવેશ માટે અરજી કરી શકશે. અનામત કક્ષાના ઉમેદવારોને નિયમાનુસાર પ્રવેશમાં છૂટછાટ મળવા પાત્ર રહેશે.

(૭) વર્ષમાં એક વાર સંસ્થાએ નક્કી કરેલ સ્થળે શૈક્ષણિક પ્રવાસ/શિબિર ઓછામાં ઓછા ૮ થી ૧૦ દિવસના રાખવામાં આવશે, જેમાં દરેક વિદ્યાર્થીઓએ સ્વખર્ચે આવવાનું રહેશે.

(૮) શૈક્ષણિક પ્રવાસ/શિબિરમાં ભાગ નહીં લેનાર વિદ્યાર્થીનું સત્ર નામંજૂર ગણવામાં આવશે.

(૯) અભ્યાસક્રમમાં ૯૦% હાજરી ફરજિયાત છે, જેની સૌએ નોંધ લેવી.

(૧૦) અભ્યાસક્રમમાં પ્રવેશ મળ્યા બાદ દિન–૧૫ માં માઈગ્રેશન સર્ટીફિકેટ તથા એલીજીબીલીટી ફરજિયાતપણે જમા કરાવવાનું રહેશે.

(૧૧) કોઈ પણ સંજોગોમાં ફી પરત કરવામાં આવશે નહીં.

યૌગિક કલા અને વિજ્ઞાન પારંગત(**Master of Yogic Art & Science**)ના અભ્યાસક્રમ માટે વધુ માહિતી મેળવવા માટે મ.દે. કાર્યાલયઃ(ઓ) ૦૭૯–૪૦૦૧૬૨૭૨, શ્રી બિમાનભાઈ પાલ (મોઃ **09427622254**) તથા શ્રી કમલેશભાઈ પટેલ (મોઃ **9898001481**)નો સંપર્ક કરવો.

નોંધઃ ૧) ફોર્મ ભરનાર દરેક ઉમેદવારે તા.૨૭/૦૬/૨૦૧૭ સવારેઃ૮–૦૦ કલાકે યોગવિદ્યા વિભાગ,મ.દે. સમાજસેવા મહાવિદ્યાલય સંકુલ, ગૂ.વિ., અમદાવાદ ખાતે પ્રવેશ પરીક્ષા/મુલાકાત માટે ફરજિયાત હાજર રહેવાનું રહેશે.

૨) પ્રવેશ માટે લેખીત પરીક્ષા, મૌખિક પરીક્ષા તથા શારિરિક યોગ્યતા પરીક્ષા લેવામાં આવશે. લેખીત પરીક્ષામાં યોગને લગતી સામાન્ય માહિતી, શરીર રચના અને ક્રિયાવિજ્ઞાન, સામાન્યજ્ઞાન અને પ્રવેશ માટેના જે પુસ્તકો આપવામાં આવે તે વિશે પ્રશ્નો રહેશે.

તા.૦૧–૦૫–૨૦૧૭

(ડૉ. કમલેશભાઈ પટેલ)
સંયોજક